# ૯૪૦૨૬ પરિવારોમાં બાથરૂમ સુવિધા જ ગૂલ!!




**ગાંધીનગરની એક લાખથી વધુ મહિલાઓને કામચાલાઉ આડશે ન્હાવું પડે છે**

મનુષ્યની સાથે સંકળાયેલી અનિવાર્ય જરૂરિયાત તરીકે સંડાસ અને બાથરૂમએ ટોચના ક્રમે છે. જેમ આરોગ્ય જાળવણી ઉપરાંત મહિલાની સલામતી સલામત સંડાસ જરૂરી છે તેવી જ રીતે બાથરૂમ પણ જરૂરી છે. શૌચાલય ઘરમાં હોવું જોઈએ, પીવાનું પાણી ઘર સુધી પહોંચવું જોઈએ વગેરે જેવી પારિવારિક રોજિંદી જરૂરિયાતોની યાદીમાં ઘરમાં જ 'બાથરૂમ' હોવું જોઈએ એનો પણ સમાવેશ થાય છે. એની સાથે એ પણ જરૂરી છે કે તેની દિવાલ અને છત પણ હોવા જોઈએ. ભારતીય પ્રજા એ સામાજિક સ્વચ્છતા (સોશિયલ હાઈજીન) માં માનતી નથી પણ વ્યક્તિગત સ્વચ્છતામાં માને છે આપણે જાતે સ્વચ્છ રહીએ છીએ પરંતુ ઘરની બહાર જાવ ને કોઈપણ પ્રકારનો કચરો પેદા કરો તેવી સ્થિતિમાં મહદઅંશે ભારતીયોનો હાથ ડસ્ટબીન સુધી પહોંચતો નથી પરંતુ એ ગમે ત્યાં ફગાવી દે છે. ભારતીયો માટે આ એક વૈશ્વિક ફરિયાદ રહી છે. જ્યારે આપણે વ્યક્તિગત સ્વચ્છતાની એટલે કે નાહવા બાબતની કે શૌચાલય બાબતની વાત વિચારીએ તો ભારતીય વ્યક્તિગત સ્વચ્છતામાં માને છે તેવી વાત સાથે એક ભારતીય તરીકે આપણે પણ સંમત ન થઈએ એવી સ્થિતિ છે. કારણકે સેન્સસના આંકડાઓ વ્યક્તિગત સ્વચ્છતા બાબતે સાવ જુદું ચિત્ર રજૂ કરે છે.

માત્ર સામાજિક વિજ્ઞાન જ નહીં પણ મેડિકલ સાયન્સમાં પણ જે અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ થાય છે તેવી કેસ સ્ટડી તરીકે મેથડનો ઉપયોગ આપણે ગાંધીનગરને સમજવા માટે કરીએ તો પણ આ વાત સમજાય એમ છે. પાટનગર ગાંધીનગર શહેર જિલ્લાની સેન્સસ-૨૦૧૧ ની માહિતીને ચકાસીએ તો ગાંધીનગરના કુલ બે લાખ ૮૭ હજાર જેટલા પરિવારો પૈકી ૯૪૦૨૬ પરિવાર પાસે બાથરૂમની સુવિધા જ નથી. ટકાવારીની દ્રષ્ટિએ ગાંધીનગરમાં આવા ૩૩ ટકા પરિવારો છે. જો આ પરિવારોમાં માત્ર બે જ મહિલાઓ હોય એવો અંદાજ આપણે ધારીએ તો પણ એમ કહી શકાય કે ગાંધીનગરની બે લાખ મહિલાઓ માટે લાજ મર્યાદા સચવાય એવી વ્યવસ્થા સાથેના બાથરૂમની સુવિધા જ નથી. એમને ખુલ્લી જગ્યાઓમાં રોજેરોજ કામચલાઉ આડશની આડમાં ન્હાવું પડે છે. યાદ રહે કે આપણે તો એક પરિવારમાં માત્ર બે જ મહિલાઓનો અંદાજ બાંધીને આ વાત જોઈ છે જો પરિવારમાં બેથી વધુ મહિલાઓ હોય તો આ આંકડો વધુ ચિંતાપ્રેરક છે એમ સમજી શકાય છે. આ એક જ દાખલો આપણને ગાંધીનગરની મહિલાઓની વ્યક્તિગત સ્વચ્છતા અને સલામતી બાબતે ઘણું બધું કહી જાય છે.

આપણે જ્યારે ગાંધીનગરની વાત કરીએ છીએ ત્યારે કુલ ૯૪૦૨૬ પરિવારો પાસે બાથરૂમ જ નથી. એમાં પણ ગ્રામીણ વિસ્તારની પરિસ્થિતિ વધારે ચિંતાપ્રેરક છે. ગ્રામીણ ગાંધીનગરના કુલ ૧,૬૦૪૬૦ પરિવારો પૈકી ૭૫૭૨૬ પરિવારો પાસે

● અનુસંધાન પાન-૭ પર

# કલ્ચરલ ફોરમના રજતજયંતિ વર્ષનો ભવ્યાતિભવ્ય પ્રારંભ

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, સમદર્શન આશ્રમ, ગાંધીનગરના પૂજ્ય ગુરુમા અને ગુજરાતના વિવિધ ક્ષેત્રની સિધ્ધહસ્ત ૨૫ પ્રતિભાઓ સાથે મંગલ દીપ પ્રગટાવીને પ્રસન્નતાના ૨૫મા વર્ષનો શુભારંભ : ગાંધીનગરના કલાકારો દ્વારા પ્રસ્તુત 'હું છું ગાંધીનગર' સાથે ગ્રીષ્મોત્સવની ઉજવણી**







**ગાંધીનગર કલ્ચરલ ફોરમ એ સંસ્થા નહીં એક પરિવાર બનીને પાટનગરને નવી વૈશ્વિક ઓળખ આપી રહ્યું છે : મુખ્યમંત્રી ● ધર્મ અને સંસ્કાર સાથે સાંસ્કૃતિક ગતિવિધિઓને જોડીને કલ્ચરલ ફોરમ એ સ્પિરિચ્યુઅલ કલ્ચરલ એક્ટિવિટીનું એક નવું કોમ્બિનેશન સમાજ સમક્ષ મૂક્યું છે : ગુરૂમા**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષની ઉજવણીનો શાનદાર શુભારંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, સમદર્શન આશ્રમ, ગાંધીનગરના પૂજ્ય ગુરુમા અને ગુજરાતના વિવિધ ક્ષેત્રની સિધ્ધહસ્ત ૨૫ પ્રતિભાઓ સાથે મંગલ દીપ પ્રગટાવીને પ્રસન્નતાના ૨૫મા વર્ષનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર કલ્ચરલ ફોરમે સંવેદનશીલ સમાજ રચના માટે કરેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે અધ્યક્ષશ્રી કૃષ્ણકાંત જહા અને ફોરમની સમગ્ર ટીમને અભિનંદન આપીને શુભકામનાઓ પાઠવી હતી.

સમદર્શન ટ્રસ્ટના પરમ પૂજ્ય શ્રી ગુરુમાં સમાનંદ સરસ્વતીજીએ આશીર્વચન પાઠવતા કહ્યું કે, ધર્મ અને સંસ્કાર સાથે સાંસ્કૃતિક ગતિવિધિઓને જોડીને કલ્ચરલ ફોરમ એ સ્પિરિચ્યુઅલ કલ્ચરલ એક્ટિવિટીનું એક નવું કોમ્બિનેશન સમાજ સમક્ષ મૂક્યું છે.

તેમણે ગાંધીનગર કલ્ચરલ ફોરમ એ સંસ્થા નહીં એક પરિવાર બનીને પાટનગરને નવી વૈશ્વિક ઓળખ આપી રહ્યું છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

પ્રારંભમાં કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાંત જહાએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની ૧૯૯૫માં સ્થાપના થઈ ત્યારે માત્ર ૨૯૫ સભ્યો હતા. જે આજે વધીને ૬૦૦૦ થી વધુનો પરિવાર બન્યો છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિઓનો વ્યાપ હવે ગાંધીનગર પૂરતો નહીં પરંતુ ગુજરાત અને ગુજરાત બહાર પણ ખ્યાતિ પામ્યો છે. તે માટે કલ્ચરલ ફોરમની ટીમના સૌ સૂત્રધારોનો સામુહિક પરિશ્રમ રંગ લાવ્યો છે તેમ ઉમેર્યું હતું.

આ અવસરે સંગીત સાહિત્ય, નાટ્ય, ચિત્રકલા, નર્તન સહિતના વિવિધ ૨૫ ક્ષેત્રોના સ્વનામધન્ય કલાકારો-કસબીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ૨૫ સામુહિક દિપ પ્રજવલનથી આ રજતજયંતિ સમારોહને નવી આભા આપી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષ નિમિત્તે ફોરમ દ્વારા નિર્મિત થીમ સોંગનું

● અનુસંધાન પાન-૭ પર

# નગરની શાળાઓમાં વિદ્યાર્થીઓની સલામતીના પરિબળો ચકાસવા આકસ્મિક તપાસ થશે

**શાળાઓમાં ફાયર સેફટી, રમતનુ મેદાન, આરોગ્ય, સ્વચ્છતા અને બાંધકામ સહીતના મુદ્દે રીપોર્ટ તૈયાર કરાશે**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરની શાળાઓમાં ફાયર સેફટી, વિદ્યાર્થીઓના આરોગ્ય, સ્વચ્છતા અને બાંધકામ સહીતના મામલે સલામતીના પરિબળો ચકાસવા માટે કોર્પોરેશનનુ તંત્ર હવે સફાળુ જાગ્યુ છે. આ મામલે હવે કોર્પોરેશન દ્વારા બાળકોમાં કુપોષણ માટે શાળાઓએ કાર્યવાહી કરી હોય તે અંગેનો રીપોર્ટ રજુ કરવા માટે પણ સુચના આપવામાં આવી છે.

ગાંધીનગરમાં અનેકવિધ શૈક્ષણિક સંકુલો છે. જયારે શિક્ષણ હબ તરીકે ઉભરતા શહેરમાં શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સલામતી સામે પણ અનેકવાર સવાલો મંડરાય છે. સ્કુલવર્ધીથી લઈ શાળાના વર્ગો સુધી સલામતીને સ્પર્શતા અનેક પ્રશ્નો વાલીઓ માટે પણ ચિંતોનો વિષય બને છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓને શાળામાં રમત ગમતનુ મેદાન મળે તે મુદ્દો પણ અનેકવાર ધ્યાને આવ્યો છે. ગાંધીનગરના મેયરે પણ આ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩એમાં ગટરો ઉભરાતા દૂષિત પાણી ફરી વળ્યુ : સ્થાનિક રહીશોને ગુંગળામણ

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા વારંવાર ઉઠવા પામે છે. શહેરમાં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે પણ આયોજન કરવુ અનિવાર્ય છે. સેકટરમાં ગટર લાઈનનુ દુષિત પાણી રસ્તા પર ફરી વળતુ હોવાના લીધે રહીશો પણ અનેકવાર ગુંગળામણ અનુભવે છે. સે-૩ એ માં પ્લોટ નં ૧૭૨ પાસે છેલ્લા ત્રણ દિવસથી ગટર ઉભરાતા દુષિત પાણીના ભરાવા વચ્ચે સ્થાનકો દુર્ગંધયુક્ત માહોલથી પરેશાન છે.

શહેરમાં ગટરો ઉભરાવાની ફરિયાદોનો હજુ અંત આવ્યો નથી. ગટરોની ફરિયાદોને ડામવા માટે તંત્ર પાસે પણ પુરતો મેન પાવર અને મશીનરી નથી. ગટર લાઈનની સફાઈ કરવાનુ પણ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. શહેરમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો છાશવારે ઉઠવા પામે છે. સેકટરોમાં દુષિત પાણીનો ભરાવો થતા રહીશોમાં પણ આક્રોશ પ્રવર્તે છે. સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈનની ક્ષમતા વધારવા માટે પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. બીજીતરફ તંત્ર દ્વારા તબક્કાવાર ગટર લાઈન નવા ડાયામીટરની નાંખવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં સેકટરની મુખ્ય ગટર લાઈન બદલવા

● અનુસંધાન પાન-૭ પર

# મેડિકલમાં પ્રવેશ આનુસંગિક નીટની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ

**ઓર્ગેનિક કેમેસ્ટ્રી અને ભૌતિક વિજ્ઞાનમાં એકાદ પ્રશ્નોને બાદ કરતા પ્રશ્નોના જવાબ આપવાનુ વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યુ : એનસીઇઆરટીના પુસ્તક આધારિત તૈયારી કરનારા વિદ્યાર્થીઓ ફાવી ગયા**

ગાંધીનગર તા ૫

નીટની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ રહી હતી એન સી ઈ આર ટીની ટેક્ષબુકના આધારે તૈયારી કરી હોય તે વિદ્યાર્થીઓ માટે મોટાભાગના પ્રશ્નોના ઉત્તર આપવાનુ સરળ રહ્યુ હતુ. ઓર્ગેનિક કેમેસ્ટ્રીના એકાદ પ્રશ્નોને બાદ કરતા મોટાભાગના પ્રશ્નોનો વિદ્યાર્થીઓએ સરળતાથી ઉત્તર આપ્યો હતો. જયારે ભૌતિક વિજ્ઞાનમાં પણ બે થી ત્રણ પ્રશ્નો સમય માંગી લે તેવા હોવાથી વિદ્યાર્થીઓને મુશ્કેલ પડી હતી.

નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા મેડિકલ પેરા મેડિકલ ક્ષેત્રે પ્રવેશ માટે નીટની પરીક્ષાનુ આયોજન કરાયુ હતુ. જેમાં બાયોલોજીના ૯૦ ફીઝીક્સ તેમજ કેમેસ્ટ્રીના ૪૫ પ્રશ્નો પુછાય છે. જે પ્રત્યેક ચાર ગુણના હોય છે. કુલ પ્રશ્નપત્ર ૭૨૦ ગુણનુ હોય છે. દરવર્ષે પ્રશ્નપત્ર સી બી એસ સી બોર્ડ દ્વારા કાઢવામાં આવતુ હતુ જયારે આ વર્ષે પ્રથમવાર નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા કાઢવામાં આવ્યુ હતુ. નીટની પરીક્ષા અંગે વિષય નિષ્ણાંત બલવંતસિંહ રાજપુતે જણાંવ્યુ હતુ કે એકંદરે પ્રશ્નપત્ર મધ્યમ કક્ષાનુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

**VEHICLES FOR SALE**

Following Vehicles are for Sale on as is where is basis

| Sr. No | Make | Registration No | Year of Registration | Minimum Base Value |
|---|---|---|---|---|
| 1 | TATA 207 DI SX (UTILITY) | GJ-18AT-2962 | 2011 | 100000 |
| 2 | TATA 207 DI SX (UTILITY) | GJ-06XX-8913 | 2011 | 100000 |
| 3 | M&M BOLERO CAMPER | GJ-03AV-8812 | 2010 | 125000 |
| 4 | HERO KARIZMA (BIKE) | GJ-18CA-9085 | 2012 | 8000 |
| 5 | BAJAJ PULSAR (BIKE) | GJ-18P-9476 | 2006 | 6000 |

Interested parties may inspect the vehicles at the parking space of GSPL Bhavan at given below address during 11.00 am to 5.00 pm. on any working day. The offers for purchase of vehicle/vehicles may be submitted in a sealed cover with (EMD) Earnest Money Deposit of Rs. 5000/- (Five Thousand Only) for HMVs and Rs. 1000/- (One Thousand Only) for Two Wheeler by Demand Draft for each vehicle in favour of "Gujarat State Petronet Limited" payable at "Gandhinagar" to be submitted at following address latest by 5:00 pm on or before 13/05/2019. **Bidders should quote value which is higher than the Minimum Base Value mentioned in the table.** The bidders are requested to mention **"Offer for Purchase of Vehicle"** on top of the sealed cover for identification. The EMD shall be forfeited if the bidder 1) gives any wrong/false information/documents while submitting the bid or 2) withdraws the bid during the bid validity period or 3) being the successful bidder, fails to purchase the vehicle for whatever reason within the specified time limit. The company reserves its right to reject any or all the offers without assigning any reason.

The Group Sr. Executive Director (HR, Admin, Legal & Ops.)
Gujarat State Petronet Limited
E-18, Electronic Estate, Nr. K-7 Circle, GIDC, Sector-26, Gandhinagar-382028.

# ચૂંટણી અધિકારીએ સ્ટ્રોંગરૂમની નિયમિત મુલાકાત લેવી : પંચ

**મદદનીશ ચૂંટણી અધિકારીને પણ મુલાકાત લેવા સૂચના : પોષ્ટલ બેલેટ માટે ચાર મદદનીશ ચૂંટણી અધિકારીઓ તો ૧૫મે સુધીમાં તાલીમ પુરી કરવાની કડક સૂચનાઓ જારી**

ગાંધીનગર, તા. ૫

ચૂંટણી પંચે દરેક સંસદીય મતવિસ્તારના ચૂંટણી અધિકારીઓને નિયમિત રીતે સ્ટ્રોંગરૂમની વિઝીટ લેવા જણાવ્યુ છે. આ ઉપરાંત તમામ મદદનીશ ચૂંટણી અધિકારીઓને પણ સ્ટ્રોંગરૂમની મુલાકાત લેવાની સૂચનાઓ આપી છે.

સ્ટ્રોંગરૂમ નજીક લગાવાયેલ સી.સી. ટી.વી. કેમેરા ચાલુ છે કે નહિ, પોલીસ બંદોબસ્ત પુરતો છે કે કેમ ? જેવી બાબતોની ચકાસણી કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

રાજ્યમાં ૨૩મી મે ના રોજ ચૂંટણી ગણતરી હાથ ધરાવાની છે. મતદાન પૂર્ણ થયા પછી મતગણતરી માટે એક મહિના જેટલો સમય હોવાથી પંચે આવી સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ૧૫ મે સુધીમાં મતગણતરી માટેના કર્મચારીઓની નિમણુંક અને તેમને તાલિમથી સજ્જ કરી દેવા માટે પણ સૂચના આપી છે. મતગણતરી મથકને લઈ પંચે આ વખતે ખુબજ કડક સૂચનાઓ જારી કરી છે તેમજ તેનુ જો ચુસ્તતાથી પાલન નહિ થાય તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ ચીમકી આપી હોવાનું જાણવા મળેલ છે. પોષ્ટલ બેલેટની ગણતરી પણ ઝડપથી થાય અને સમયનો વ્યય ના થાય તે માટે દરેક સંસદીય મતવિસ્તાર માટે ચાર-ચાર એ.આર.ઓ.ની નિયુક્તીની પણ મંજૂરી પંચ દ્વારા આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com